# અખબારી યાદી

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની (જી.આઈ.ડી.સી) સ્થાપના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ એક વૈધાનિક સંસ્થા તરીકે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસના આધારસ્તંભ તરીકે થયેલ છે.

જી.આઈ.ડી.સી દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૨૧૨ થી વધુ ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરવામાં આવેલ છે અને જેમા આશરે ૬૩,૦૦૦ એકમો કાર્યરત છે અને ૧૭ લાખ થી વધુ લોકોને આ એકમો થકી રોજગારી પ્રાપ્ત થયેલ છે. વિશ્વ સ્તરે આર્થિક અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે જી.આઈ.ડી.સી દ્વારા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (SIRs), પેટ્રોલિયમ, કેમિકલ અને પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેંટ રીજીયન (PCPIR), સ્પેશીયલ ઈકોનોમીક ઝોન (SEZs) પણ વિકસાવવામાં આવેલ છે.

રાજ્યના નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના આર્થિક અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તેમજ મહીલા ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી જી.આઈ.ડી.સી દ્વારા વિવિધ વસાહતોમાં બહુમાળી શેડ, એમ.એસ.એમ.ઈ પાર્ક અને મહિલા ઔદ્યોગિક પાર્ક વિકસાવવામાં આવેલ છે.

નિગમ દ્વારા વસાહતોમાં પાયાની માળખાકીય સુવિધાઓ જેવી કે, રોડ, ગટર, પાણી પુરવઠો, પાવર સ્પ્લાય નેટવર્ક, સ્ટ્રીટ લાઈટ, એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (કેમીકલ એકમોની વસાહત માટે) તેમજ અન્ય સુવિધાઓ જેવી કે, સ્કીલ અપગ્રેડેશન સેન્ટર, ગ્રીન સ્પેસ, બેંક, હોસ્પીટલ, કોમ્યુનિટી હોલ તથા વાણિજ્ય પ્રવૃતિ માટેની જગ્યાઓ પણ વિકસાવવામાં આવેલ છે.

Ease of Doing Business (EODB) અંતર્ગત નિગમ દ્વારા ઉદ્યોગકારોને આપવાની થતી તમામ સેવાઓ જેવીકે જમીન માંગણીની અરજી, તબદીલીની અરજી, મોરગેજ પરવાનગી વિગેરે ઓનલાઈન પોર્ટલ મારફત કાર્યરત કરવામાં આવી છે. ઉદ્યોગકારો દરેક સ્તરે તેઓની અરજીની વિગતો ઓનલાઈન જોઈ શકે છે. વધુમાં, નિગમની વસાહતોમાં ફાળવેલ મિલ્કતોના બાકી લ્હેણા, પાણી તથા ડ્રેનેજ બીલનું ચુકવણું ઓનલાઈન પેમેન્ટ ફેસીલીટી દ્વારા કરી શકાય છે.

માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોવીડ-૧૯ કોરોના વાયરસની સ્થિતી બાદ રાજ્યમાં આર્થિક ગતિવિધિઓ – ઉધોગો –વેપાર-ધંધા – રોજગારના ક્ષેત્રો પુન : ધબકતા કરવા તથા કોવિડ – ૧૯ ના સંકટમાંથી બહાર આવી ઝડપભેર જનજીવન પૂર્વરત કરવાની દિશામાં અનેકવિધ પગલા ભર્યા છે.

જી.આઈ.ડી.સી દ્વારા મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકામાં ઐઠોર મુકામે ૪૭ હેક્ટર જમીનમાં ઔદ્યોગિક વસાહતની સ્થાપના કરવાનુ આયોજન કરવામાં આવેલ છે. આ વસાહત મહેસાણા શહેરથી અંદાજે ૨૫ કી.મી ના અંતરે આવેલ છે, જેમાં MSME ઝોન, તથા જનરલ ઝોન એમ કુલ ૦૨ ઝોન નુ આયોજન કરવામાં આવેલ છે. MSME ઝોનમાં ૫૦૦ ચો.મી થી ૩,૦૦૦ ચો.મી સુધીના કુલ ૨૫૪ પ્લોટોનુ તેમજ જનરલ ઝોનમાં ૩,૦૦૦ ચો.મી થી ૧૦,૦૦૦ ચો.મી સુધીના કુલ ૨૫ પ્લોટો મળી કુલ ૨૭૯ પ્લોટોનુ આયોજન કરવામાં આવેલ છે. ઐઠોર ઔદ્યોગિક વસાહતમાં MSME ઝોનનો કામચલાઉ ફાળવણી દર રૂ. ૨,૩૨૦/- પ્રતિ. ચો.મી તેમજ જનરલ ઝોનનો કામચલાઉ ફાળવણી દર રૂ. ૩,૩૬૦/- પ્રતિ. ચો.મી છે.

ઐઠોર વસાહતમાં ઔદ્યોગિક પ્લોટ મેળવવા માટે ઓનલાઈન અરજીપત્રક મંગાવવામાં આવેલ જેમાં પાત્રતા ધરાવતી ૧,૨૨૦ અરજીઓ કન્ફર્મ કરવામાં આવેલ છે. નિગમને મળેલ અરજીઓ પૈકી ૩,૦૦૦ ચો.મી. સુધીની જમીન મેળવવા પાત્રતા ધરાવતી ૧,૧૩૫ અરજીઓ પૈકી **MSME** ઝોનમાં ફાળવણી કરવા અંગે ડ્રો કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

નિગમ દ્વારા પ્લોટની ફાળવણી ડ્રો પધ્ધતિથી કરવાનું નક્કી કરવામાં આવતા ભારત સરકારશ્રીની એજન્સી એન.આઈ.સી. (નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર) થકી તૈયાર કરાયેલ સોફ્ટવેર મારફતે ડ્રો માન. નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઇ પટેલ ના વરદહસ્તે તેઓશ્રીના પ્રમુખ સ્થાને તા. ૦૭.૦૭.૨૦૨૦ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે રાખેલ છે જેમાં સંસદસભ્ય માન. શ્રીમતી શારદાબેન પટેલ, જી.આઈ.ડી.સી ના અધ્યક્ષ માન. શ્રી બલવંતસિંહ રાજપુત, ધારાસભ્ય માન. શ્રીમતી આશાબેન પટેલ અને એ.પી.એમ.સી ઉંઝા ના ચેરમેન શ્રી દિનેશભાઇ પટેલ ઉપસ્થિત રહેવાના છે. ઉપરાંત અન્ય આગેવાન તેમજ અરજદારો ઉંઝા એ.પી.એમ.સી ખાતે, કોવિડ-૧૯ બાબતના નિવારાત્મક પગલાંઓ અંગેની સૂચનાઓ ધ્યાને રાખી, આ ડ્રો નો લાઈવ ટેલીકાસ્ટ નિહાળવા માટે ઉપસ્થિત રહેવાના છે.

ઉક્ત અરજીઓ પૈકી **MSME** ઝોન માટેની અરજીઓનો ઓનલાઇન સોફ્ટવેર ધ્વારા ડ્રો યોજી ફાળવણી અંગેની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવશે, જેની યાદી ડ્રો થયા બાદ તુરંતજ નિગમની વેબસાઈટ https://gidc.gujarat.gov.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે, જેની સર્વે અરજીકરતાઓએ નોંધ લેવી.